ACPDC
The Admission Committee for Professional Diploma Courses (GUJARAT STATE)

No. ACPDC/ 413

Date : 3/6/22

## અખબારી યાદી

પ્રવેશ વર્ષ: ૨૦૨૨-૨૩ માટે આઇ.ટી.આઇ./ટેકનિકલ પરીક્ષા બોર્ડ/ઇન્ડોજર્મન ટુલ રુમ્સ માન્ય સર્ટિફિકેટ હોલ્ડર્સને ડિપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમના બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર) માં સીધા પ્રવેશ મેળવવા માટે તથા ધોરણ – ૧૦ પછીના ડિપ્લોમા પ્રથમ વર્ષમાં પ્રવેશની પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ થનાર છે. પ્રવેશ વર્ષ: ૨૦૨૨-૨૩ માટે પણ વેબ બેઝ્ડ ઓનલાઇન પ્રવેશ પ્રકિયા કરવાનું નક્કી થયેલ છે.પ્રવેશવાંચ્છુક ઉમેદવારોએ ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે. ઉમેદવારે કોઇપણ Document રૂબરૂ આપવા કે ચકાસણી કરાવવા જવાની જરૂર નથી, પ્રવેશ માટેની સંપૂર્ણ પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઇન છે. રજીસ્ટ્રેશન દરમ્યાન ઉદભવતા પ્રશ્નોના નિરાકરણ માટે સમિતિની અધિકૃત વેબસાઇટ www.acpdc.co.in પર ઉપલબ્ધ માહિતી મુજબ સાયબર સ્પેસ સેન્ટર ની મુલાકાત લઈ શકાશે.

| ITI/ TEB/ IGTR સર્ટિફિકેટ હોલ્ડર્સને ડિપ્લોમા બીજા વર્ષમાં સીધો પ્રવેશ મેળવવા ઇચ્છુક ઉમેદવારો માટે (ફક્ત C to D માટે જ) | ધો.10 પછીના ડિપ્લોમા પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવવા ઇચ્છુક ઉમેદવારો માટે |
|---|---|
| **પ્રવેશ યોગ્યતા:**<br>ધોરણ-10 +NCVT અથવા GCVT દ્વારા માન્ય અથવા IGTR દ્વારા આયોજિત બે વર્ષનો સર્ટિફિકેટ અભ્યાસક્રમ અને માધ્યમિક શાળાંત પરીક્ષા (ધોરણ-10ની પરીક્ષા) ગણિત/બેઝિક ગણિત/સ્ટાન્ડર્ડ ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષય સાથે ઉત્તીર્ણ, અથવા ધોરણ-10+ TEB દ્વારા માન્ય બે વર્ષનો સર્ટિફિકેટ અભ્યાસક્રમ અને ઉમેદવારે માધ્યમિક શાળાંત પરીક્ષા (ધોરણ-10 ની પરીક્ષા) ગણિત/બેઝિક ગણિત/સ્ટાન્ડર્ડ ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષય સાથે ઉત્તીર્ણ.<br>*(૧૦+ ૨) પેટર્નના તમામ લાયકી ITI/ TEB/ IGTR કોર્ષ અંગેની માહિતી સમિતિની અધિકૃત વેબસાઈટ પર ઉપલબ્ધ પ્રવર્તમાન નિયમના નિયમ નં ૬ માં દર્શાવેલ કોષ્ટકમાં ઉપલબ્ધ છે. ઉમેદવાર બીજા વર્ષ/ ત્રીજા સેમેસ્ટરમાં પ્રવેશ માટે રજીસ્ટ્રેશન કરાવે તે પહેલાં સમિતિની વેબ સાઇટ પર મુકેલી લાયકી ITI/ TEB/ IGTR કોર્ષ અંગેની માહિતીનો અભ્યાસ કરે તે હિતાવહ છે. કોષ્ટકમાં દર્શાવેલ લાયકી કોર્ષના સર્ટિફિકેટ ધરાવતા ઉમેદવાર માન્ય AICTE nomenclature ધરાવતા ડિપ્લોમા કોર્ષમાં પસંદગી, મેરીટ અને બેઠકોની અનામત મુજબ પ્રવેશ મેળવી શકશે. પ્રવેશ મેળવ્યા બાદ તેઓએ આનુષાંગિક યુનિવર્સિટીના નિયમો પ્રમાણે પ્રથમ અને દ્વિતીય સત્રના વિષયો માટે નિયત કરેલ બ્રિજકોર્સ ને લગતા વિષયોમાં ઉત્તીર્ણ થવાનું રહેશે. જેની વિગત જે તે યુનિવર્સિટીની વેબસાઇટ પર જોવી. | **પ્રવેશ યોગ્યતા:**<br>(અ) ગણિત/ બેઝિક ગણિત/ સ્ટાન્ડર્ડ ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષય સાથે ઉત્તીર્ણ કરેલ માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરિક્ષા (ધો.૧૦) અથવા તેને સમકક્ષ પરિક્ષા ઉત્તીર્ણ કરેલ હોય તેવા ઉમેદવારો અથવા<br>(બ) ધો.૧૦ ગણિત/ બેઝિક ગણિત/ સ્ટાન્ડર્ડ ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષય સાથે ઉત્તીર્ણ કરેલ માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરિક્ષા + NCVT અથવા GCVT દ્વારા માન્ય અથવા IGTR દ્વારા આયોજિત બે વર્ષનો સર્ટિફિકેટ અભ્યાસક્રમ, અથવા ધોરણ-10 + TEB દ્વારા માન્ય બે વર્ષનો સર્ટિફિકેટ અભ્યાસક્રમ અને ઉમેદવારે માધ્યમિક શાળાંત પરીક્ષા (ધોરણ -10 ની પરીક્ષા) ગણિત/બેઝિક ગણિત/સ્ટાન્ડર્ડ ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષય સાથે ઉત્તીર્ણ.<br>(ક) ધો.૮ + બે અથવા વધુ વર્ષનો NCVT અથવા GCVT દ્વારા માન્ય સર્ટિફિકેટ અભ્યાસક્રમ તેમજ ઉમેદવારે ધો.૧૦ ની પરિક્ષા ગુજરાત સેકન્ડરી અને હાયર સેકન્ડરી બોર્ડમાંથી અથવા ઓપન સ્કૂલીંગ માંથી અથવા તેની સમકક્ષ પરિક્ષા ગણિત/ બેઝિક ગણિત/ સ્ટાન્ડર્ડ ગણિત, વિજ્ઞાન,અંગ્રેજી અને ગુજરાતી વિષય સાથે ઉત્તીર્ણ કરેલ હોય તેવા ઉમેદવારો.<br>**કોઈ પણ વર્ષમાં માન્ય બોર્ડ માંથી ધોરણ-૧૦ પાસ ("QUALIFIED FOR SECONDARY SCHOOL CERTIFICATE" ધરાવતી માર્કશીટ ધરાવતા ) તમામ વિદ્યાર્થીઓ આ પ્રક્રિયામાં ભાગ લઈ શકશે. |
| પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારોએ લાગુ પડતા કિસ્સામાં જરૂર મુજબ નીચે મુજબના દસ્તાવેજો જે તે સક્ષમ અધિકારીની કચેરીએથી કઢાવી તૈયાર રાખવા હિતાવહ છે.<br>૧) ધો.૧૦ પાસની માર્કશીટ/ ધો.૧૦ ની તમામ માર્કશીટ, ૨) ટી.ઈ.બી/ આઈ.ટી.આઈ/ આ.ઇ.જી.ટી.આર. પાસની માર્કશીટ (સમિતિની અધિકૃત વેબસાઇ પર ઉપલબ્ધ પ્રવર્તમાન નિયમ ૬ મુજબ), 3) જાતિનું પ્રમાણપત્ર (SEBC માટે NCL રજુ કરવું ફરજીયાત છે), ૪) માતા/પિતાનું ગુજરાતનું (નિવાસ પ્રમાણપત્ર) ડોમિસાઈલ સર્ટિફિકેટ (અન્ય રાજ્યમાંથી લાયકી પરીક્ષા પાસ કરેલ હોય તો જ), ૫) માતા/પિતાની આવકનું સર્ટિફિકેટ, ૬) PH નું સર્ટિફિકેટ, ૭) Ex/In Defence (Paramilitary) અંગેનું યોગ્ય પ્રમાણપત્ર, ૮) આર્થિક રીતે પછત વર્ગ ( EWS ) નું સર્ટિફિકેટ, ૯) અનામત બેઠકો નો લાભ લેવા ઇચ્છુક ઉમેદવારે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર જોડવું આવશ્યક છે. | પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારોએ લાગુ પડતા કિસ્સામાં જરૂર મુજબ નીચે મુજબના દસ્તાવેજો જે તે સક્ષમ અધિકારીની કચેરીએથી કઢાવી તૈયાર રાખવા હિતાવહ છે .<br>૧) ધો.૧૦ પાસની માર્કશીટ/ ધો.૧૦ ની તમામ માર્કશીટ, ૨) ટી.ઈ.બી/ આઈ.ટી.આઈ/ આ.ઇ.જી.ટી.આર. પાસની માર્કશીટ(સમિતિની અધિકૃત વેબસાઇટ પર ઉપલબ્ધ પ્રવર્તમાન નિયમ ૧૩ મુજબ), 3) જાતિનું પ્રમાણપત્ર (SEBC માટે NCL પણ રજુ કરવું ફરજીયાત છે), ૪) માતા/પિતાનું ગુજરાતનું (નિવાસ પ્રમાણપત્ર) ડોમિસાઈલ સર્ટિફિકેટ (અન્ય રાજ્યમાંથી લાયકી પરીક્ષા પાસ કરેલ હોય તો જ), ૫) માતા/પિતાની આવકનું સર્ટિફિકેટ , ૬) PH નું સર્ટિફિકેટ , ૭) Ex/ In Defense (Paramilitary) અંગેનું યોગ્ય પ્રમાણપત્ર, ૮) આર્થિક રીતે પછત વર્ગ (EWS) નું સર્ટિફિકેટ , ૯) "PM CARES for Children Scheme 2021" અંતર્ગત લાભ માટે "PM CARES Certificate" (Covid – 19 પેન્ડેમિક દરમ્યાન માતા-પિતા બંનેનું અવસાન થયું હોય તેવા કિસ્સામાં), ૧૦) સર્ટિફિકેટ ઓફ સર્વિસિસ (પ્રવર્તમાન નિયમ ૫ ના પેટાનિયમ ૬ મુજબ), ૧૧) અનામત બેઠકો નો લાભ લેવા ઇચ્છુક ઉમેદવારે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર જોડવું આવશ્યક છે. |

A.C.P.D.C. Ahmedabad

Member Secretary
A.C.P.D.C.
Ahmedabad-15

મેમ્બર સેક્રેટરી

2nd Floor, ACPC Building, L. D. College of Engineering Campus, Navrangpura, Ahmedabad-380015.
Phone : 079 - 2630 5516 | Fax : 079-2630 0131 | Website : www.acpdc.in